ગાંધીનગર સમાચાર

શહેરમાં ટુંકમાં જ ફુટપાથના ગાબડા પુરવા રીનોવેશનનુ કામ હાથ ધરાશે

# આજથી દબાણોના સીલીંગનો બીજો તબક્કો

ગાંધીનગર, તા.૨૭


ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે દબાણો સામે સીલીંગની ઝુંબેશનો આજથી બીજો તબક્કો શરુ થશે. બીજા તબક્કાની કામગીરી માટે મનપાએ જરુરી પોલીસ બંદોબસ્તની પણ માંગણી કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં ગેરકાયદે દબાણો અંગે સાત દિવસની નોટીસ આપવામાં આવી છે. જેમ જેમ સમય મર્યાદા પૂર્ણ થશે તેમ તેમ સીલીંગની કાર્યવાહી આગળ વધશે.

સેકટર-૨૨માં કરેલી સીલીંગની કાર્યવાહી પછી ઘણા બધા પ્રતિનિધિ મંડળોએ આ અંગે ઉગ્ર રજુઆતો તંત્રના અધિકારીઓને કરીછે પણ તંત્ર એ તેમની કોઈ રજૂઆતો ગ્રાહ્ય રાખી ન હોવાનું જાણવા મળેલ છે. દબાણો અંગે ગુજરાતની વડી અદાલતમાં થયેલી પીઆઈએલ પછી વડી અદાલતે આપેલા નિર્દેશોને પગલે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ દબાણ હટાવ ઝુંબેશને પગલે ખાસ નવી શાખા શરુ કરવામાં આવી છે તેની મુદત પણ આ સાલમાં પૂર્ણ થતી હોઈ તેને વધારવા માટે આગામી સામાન્યસભામાં પ્રસ્તાવ આવે તેવી શક્યતાના નિર્દેશ પણ મળી રહ્યા છે.

મહાનગરપાલિકાના તંત્ર એ શહેરમાં ૪૦૦ થી વધુ દબાણો ગેરકાયદે હોવાનું ઓળખી કાઢ્યું છે. આ પૈકી ૧૦૦ જેટલા દબાણકર્તાઓને નોટીસ અપાયા બાદ હજુ પણ નોટીસો આપવાની કામગીરી ચાલુ છે.



**શિયાળાની સાંજ** - શિયાળાની સાંજનું સૌંદર્ય અનોખુ હોય છે... ૨૨ ડિસેમ્બર બાદ રાત-દિવસના બદલાતા પરિમાણ આકાશમાં અનોખો નજારો સર્જે છે... શીતલહેરની વચ્ચે અવનવા રંગોથી મઢાતું આકાશ માણવાનો પણ એક લ્હાવો હોય છે... કેવું અદ્‌ભૂત રંગોનું સંતુલન આકાશમાં રચાયું છે... મનમોહક રંગો દ્વારા સર્જાતુ સંધ્યાનું સૌંદર્ય આંખમાં ભરી લેવાનું મન થાય એ સ્વાભિવક છે... અહીં તો માત્ર કેમેરામાં ક્લિક કરી વાચકો સુધી પહોંચાડવાનું પ્રયાસ માત્ર છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# સરદાર આવાસ યોજનામાં ૧૪ લાભાર્થીઓના લાભ પરત ખેંચવાનો તંત્રનો ઐતિહાસિક નિર્ણય

**ગાંધીનગર તાલુકાના નવ અને કલોલના પાંચ લાભાર્થીઓના લાભ પરત લેવાયા : સરદાર આવાસ યોજનામાં માત્ર ૩૯.૫૦ ટકા કામગીરી જ થઈ છે**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં ૧૪ જેટલા લાભાર્થીઓ દ્વારા શ્રમફાળો ન ભરવા ઉપરાંત આવાસનું કામ પણ શરૂ ન કરતાં જિલ્લા તંત્રએ તેમને ફાળવેલ નાણાં લાભાર્થી પાસેથી પરત લઈ લીધા છે.

આ ૧૪ લાભાર્થીઓમાં ગાંધીનગર તાલુકાના ૯ અને કલોક તાલુકાના પાંચ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સરદાર આવાસ યોજના અંતર્ગત અત્યંત ધીમી કામગીરી ચાલી રહી છે અને માત્ર ૩૯.૫૦ ટકા જેટલી જ કામગીરી થઈ હોવાની હકીકતો પણ બહાર આવી છે. જિલ્લાને ફાળવવામાં આવેલા ૪૪૮૧ આવાસોના લક્ષ્યાંકમાંથી માત્ર ૨૭૧૧ આવાસોના નિર્માણનું કાર્ય શરુ થઈ ચૂક્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ આવાસોમાં ૯૩ આવાસોનું કામ પ્લીંથ લેવલ સુધી થયું છે તો ૭૧૩ આવાસોનું કામ લીંટલ સુધીનું થયું છે અને ૧૮૯૧ આવાસોનું કામ ધાબા લેવલ સુધી પહોંચ્યું છે.

જિલ્લામાં લાભાર્થી દ્વારા શ્રમદાન પેટે આપવાનો થતો ફાળો પણ ન ભરપાઈ કરવામાં આવતાં પહેલીવાર તંત્રએ પ્લોટની ફાળવણી રદ કરવા ઉપરાંત તેને આપવામાં આવેલ નાણાંકીય લાભ પણ પરત લઈ લીધા છે.

આવાસ યોજનાના અસરકારક અમલીકરણ માટે અગાઉ વીજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં પ્લોટની ફાળવણી રદ કરવા જેવા આકરા પગલાં લેવાનો નિર્ણય લેવાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ પદભાર સંભાળશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં ૨૮મી ડીસેમ્બર બપોરે ૧૨.૦૦ કલાકે વિજય મુહુર્તમાં જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના નવનિર્મિત પ્રમુખ રામાજી ઠાકોર અને ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ વિધિવત્‌ રીતે પદ્‌ભાર સંભાળશે. જે પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી - પ્રવક્તા નીશીત વ્યાસ, પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, હરિભાઈ ચૌધરી, ધારાસભ્યો મહેન્દ્રસિંહ વાઘેલા, બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, પ્રદેશ નિરીક્ષક બળદેવભાઈ લૂણી, રમીલાબેન દેસાઈ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ પ્રમુખો સી.જે.ચાવડા, જશુભા રાણા, ધૂળાજી ઠાકોર, પ્રદેશ મંત્રી બાબુજી ઠાકોર, ડૉ. કમલેશ

● અનુસંધાન પાન-૭ પર

# જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં ઠંડીનો બીજો રાઉન્ડ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે છેલ્લા એકાદ-બે દિવસથી ઠંડી થોડીક હળવી થઈ છે પરંતુ આગામી અઠવાડિયામાં ગાત્રો થીજવતી ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થશે.

જાન્યુઆરી ૨૦૧૬ના પ્રથમ સપ્તાહના પવનના સુસવાટા સાથે સખ્ત ઠંડીની આગાહી છેલ્લા થોડાક દિવસથી ન્યુનતમ તાપમાનમાં વધઘટ થવા છતાં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં થઈ રહેલી હીમવર્ષા તેમજ પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ ગુજરાત સહિત ઉત્તર ભારતના ભાગો તેમજ દેશના અન્ય ભાગોમાં ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે ત્યારે આગામી ફેબ્રુઆરી-માર્ચમાં પણ હાડ થીજવતી ઠંડીના ચમકારા રહેશે.

ભૂભૌગોલિક બાબતો તેમજ ગ્રહનક્ષત્રની ગતિવિધીના યોગો જોતાં આગામી દિવસોમાં પવનના સુસવાટા સાથે ઠંડીના ચમકારા અનુભવાય. વળી દેશના કેટલાક ભાગોમાં વાદળ-વાયુ-ધુમ્મસ, હિમવર્ષા અને કરા પડવાના યોગો પણ બને. તા. ૨૯ ડીસેમ્બરથી ઠંડીનો ચમકારો વધે

● અનુસંધાન પાન-૭ પર

# હાર્લી રાઈડર્સનું સ્પેશ્યલ ચાઈલ્ડની ઈચ્છા પુરી કરવા ઉમદા અભિયાન

**ગૃપના યુવાનોએ સે-૧૯ સ્થિત સ્પેશ્યલ ચાઈલ્ડના ૪૮ બાળકોની ઈચ્છાપૂર્તિ કરી બાળકોને સાઈકલ, વિડીયો ગેમ, ટેબલેટ સહિતની ચીજવસ્તુઓ ગીફટમાં આપી**



ગાંધીનગર તા ૨૭

શહેરમાં સે-૧૯ સ્થિત સ્પેશ્યલ ચાઈલ્ડ હોમના ૪૮ બાળકોની વિશ પુરી કરવા હાર્લી ડેવિડસન ગ્રપે ઉમદા કામગીરી કરી સમાજને ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડયુ છે. ગૃપના યુવાનો દ્વારા ચાઈલ્ડ હોમના બાળકોના મુખ પર મુસ્કાન લાવવા માટે તેમની ઈચ્છા પુરી કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. અભિનેતા જોન અબ્રાહીમના માતા મેક માઈ વિશ નામે ગૃપ ચલાવે છે. જેની પ્રવૃતિ પરથી પ્રેરણા લઈ યુવાનો દ્વારા આ ઉમદા કાર્ય કરવામાં આવ્યુ હતુ.

ભૌતિકવાદથી ખદબદતા આજના સમાજમાં માણસોની ઈચ્છાઓનો કોઈ અંત નથી ત્યારે જરૂરિયાતમંદ બાળકો પણ પોતાના નિર્દોષ સ્વપ્ના પુરા કરવા માટે ઉત્સુક હોય છે. બાળકોની નાની મોટી વિશને સમજી તેમના મોઢા પર મુસ્કાન રેલાવા હાર્લી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

**સ્ટ્રીટ લાઈટની અવદશા** - શહેરમાં સ્ટ્રીટ લાઈન ધાંધીયા હવે રોજના થયા છે... વિજળીના થાંભલા ખૂબ જ જૂના થતાં કેટલાય સ્થાનો પર નમી ગયા, વળી ગયા અને તૂટી ગયાની ફરિયાદો આવતી જ હોય છે... કેટલાય સ્થાનો પર થાંભલના લેમ્પ હૉલ્ડરની હાલત તો લટકતી જોવા મળી છે... શહેરમાં આવી પરિસ્થિતિમાં ઉભેલા થાંભલા કેટલાય હશે પણ તંત્રનું ધ્યાન પડે તો તેને દુરસ્ત કરે ને... બાકી તો દીવા તળે અંધારું જ હોય ને...

# શહેરમાં ટુંકમાં જ ફુટપાથના ગાબડા પુરવા રીનોવેશનનુ કામ હાથ ધરાશે

**ફુટપાથના સમારકામ પાછળ રૂ ૧૪ લાખનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર શહેરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથમાં જાળવણીના અભાવે ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે લાંબા સમયથી ફુટપાથનુ સમારકામ પણ હાથ ધરવામાં આવ્યુ નથી બીજીતરફ નાગરિકોની જાગૃતતાના અભાવે માર્ગો આસપાસની ફુટપાથ પર સેકટરોમાં જવા માટે ટુંકા રસ્તા શોધી કાઢવા ગાબડા પાડવામાં આવે છે. ફુટપાથ પર વાહનો દોડાવાતા તેના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. જો કે તંત્ર દ્વારા ટુંકમાં ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવશે. આ માટે અંદાજિત રૂ ૧૪ લાખનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં અંદાજિત ૯૫ કી મી માં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. જયારે ફુટપાથની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તબકકે ઘ-૫ થી સરકીટ હાઉસને જોડતા માર્ગ પર ફુટપાથની આભા ઉભી કરવામાં આવી હતી.ત્યારબાદ શહેરના અન્ય મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો પર ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે તબક્કાવાર ફુટપાથની કામગીરી પુર્ણ કરાયા બાદ તંત્ર દ્વારા ફુટપાથની બાકી કામગીરી અંગે સર્વે હાથ

● અનુસંધાન પાન-૭ પર



**પતંગ દોરીની સામે રક્ષણ** - ઉત્તરાયણનું પર્વ આવે એટલે પતંગની દોરીનો વધારાનો ભય દ્વિચક્રી વાહનચાલકોમાં ઉભો થાય છે... દર વર્ષે દોરી ગળામાં ફસાતા ઈજા થયાના સમચારો છપાય છે... દોરીની ઈજાથી બચવા મોટરસાયકલ પર સળિયાથી બનેલું હલકુ સ્ટેન્ડ આજકાલ સલામતિ માટે મુકાય છે... ખૂબ જ આવકારદાયક સંશોધન છે... ઈજા કે મોતથી બચાવતું સસ્તુ અને ટકાઉ સ્ટેન્ડ ઉત્તરાયણના દિવસોમાં દ્વિચક્રી વાહન ચાલકો માટે ઉપકારક છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુણોત્સવ માટે જતા અધિકારી-પદાધિકારી એ ગામની સ્વચ્છતા અંગે પણ અહેવાલ આપવો પડશે

**શાળા-મેનેજમેન્ટ કમિટી અને ગામના આગેવાનો સાથે પણ બેઠક કરી મળેલા સૂચનો અહેવાલમાં જણાવવા પડશે**

ગાંધીનગર, તા.૨૭

રાજયમાં આ વખતે ગુણોત્સવના મૂલ્યાંકન માટે જતા અધિકારી-પદાધિકારી એ ગ્રામની સ્વચ્છતા બાબતે પણ વિશેષ મૂલ્યાંકન કરી પોતાના અહેવાલમાં તેની વિગતો આપવાની રહેશે.

આગમી ૭ થી ૯ જાન્યુઆરી દરમિયાન રાજયમાં યોજનારા ૬ઠ્ઠા ગુણોત્સવની તૈયારીમાં શિક્ષણતંત્ર વ્યસ્ત બન્યું છે. આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગુણોત્સવ અંગે વિશેષ માર્ગદર્શન અધિકારીઓને આપવાના છે.

ગુણોત્સવ દરમિયાન મૂલ્યાંકન માટે જતા અધિકારી પદાધિકારીઓ એ ગામની શાળાના સંકુલની પણ સ્વચ્છતા અંગેનો ઉલ્લેખ તેના અહેવાલમાં કરવાનો રહેશે. મળતી વિગતો પ્રમાણે જે શાળાઓમાં મૂલ્યાંકન માટે અધિકારી-પદાધિકારી નહિ જઈ શક્યા હોય તેવી સ્કૂલોમાં રાજયની ટીમ ઓચિંતી મુલ્યાંકન માટે જશે.

ગુણોત્સવમાં ૭૦ ટકા શાળાઓએ કરેલા સ્વમૂલ્યાંકનમાંથી તો ૩૦ ટકા બાહ્ય મૂલ્યાંકનને આધારે અપાશે. રાજયમાં શિક્ષણને ગુણવત્તાસભર બનાવવ માટે સરકારે શાળાઓને ગ્રેડીંગ આપવાનો આ ગુણોત્સવ કાર્યક્રમ થકી નિર્ણય કરેલ છે.

ગુણોત્સવ દરમિયાન મધ્યાહન ભોજન યોજનામાં બાળકો કેટલા જોડાય છે? તેમને ખોરાકમાં શું પીરસવામાં આવે છે? તેમને અપાતા ભોજનનું મેનુ બોર્ડ શાળામાં છે કે કેમ? જેની બાબતોનો ઉલ્લેખ પણ મૂલ્યાંકનકારે તેના અહેવાલમાં કરવાનો રહેશે.

મૂલ્યાંકનકારે સ્વચ્છતા, મધ્યાહન ભોજન યોજના ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com